

કોર્ટ સંકુલ ધ્વજ વંદન


મનપા કચેરી ધ્વજ વંદન

(તસવીર : કશ્યપ નિમાવત)


ગેઝીયા ખાતે ધ્વજ વંદન

(તસવીર : દિપક જાની)



રાજભવન ખાતે ધ્વજ વંદન તથા શુભેચ્છા

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર કોર્ટ પરિસરમાં સ્વતંત્રતાના પર્વની ઉજવણીના ભાગરૂપે સેકન્ડ એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ ઘોઘારી મેડમના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે થર્ડ એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી વ્યાસસાહેબ, ફેમીલી પ્રિન્સીપલ જજ શ્રી સોની સાહેબ તેમજ અન્ય મહાનુભાવો તેમજ વકિલ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર રાષ્ટ્ર સમર્પીત કાર્યક્રમનું આયોજન ગાંધીનગર બાર એસો.ના પ્રમુખ ભરત ચૌધરીએ અને તેમની ટીમે સફળતાપૂર્વક કર્યુ હતું. તેમજ ૬૮ મા સ્વતંત્રતા દિવસે મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કમિશનર શ્રી ચૌધરી, ડે. મેયર સ્ટે. કમિટી ચેરમેન, કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ ગેઝીયા અને રાજભવન ખાતે પણ ધ્વંજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા શિવમહિમ્ન પાઠ અને સ્તુતી વંદના આજે રાત્રે ૯.૦૦ વાગે સંજયભાઈ પંડ્યા, ૧૪૨/૫, બી-૧ ટાઈપ ખાતે યોજાશે.
- શ્રી શિવ-શક્તિ શિવમહિમ્ન સ્ત્રોત મંડળ, સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે અમીતભાઈ ભટ્ટ ૧૧/૪, છ-ટાઈપ પંચવટી પાર્ક સામે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે વિપિનભાઈ ઓઝા, ૧૨, હરિધામ એકલેવ, પ્રમુખ એલેંગસની સામે, રાયસણ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે રામકથામાં શ્રીકૃષ્ણ ભગવાનનો પારણીયે ઝુલાવવામાં આવશે.

## ગાંધીનગરનું ગૌરવ

નવી દિલ્હીની વંદના ઈન્ટરનેશનલ સ્કુલના ધોરણ-૨માં



અભ્યાસ કરતી ગાંધીનગરની દીકરી કુ. વિક્ષા સચિન ભટ્ટે ઓપન ડીસ્ટ્રીકટ ટાઈકવાન્ડો ચેમ્પિયનશીપ (કરાટે) સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવી સ્કુલ અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

## સે. ૬-બી માં વૃદ્ધાના ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૬-બી માં રહેતા વૃદ્ધા આજે સમી સાંજે ઘર નજીક જ ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન મોપેડ લઈને આવેલા બે ચેઈન સ્નેચરો તેમની પાસે ગયા અને ગળામાં હાથ મારીને તેમણે પહેરેલો સોનાનો કિંમતી દોરો આંચકી બન્ને શખ્સો રફુચક્કર થઈ ગયા હતા. વૃદ્ધાએ બુમાબુમ કરતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચરો ગાયબ થઈ ગયા હતા.

# રસ્તો ઓળંગી રહેલા ચિલોડાના આધેડ પર વાહનનું ટાયર ફરી વળ્યુ

### ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ : સીસીટીવી કેમેરાના આધારે આરોપી સુધી પહોંચવા પોલીસની દોડધામ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીક આવેલા સાદરા રોડથી ચિલોડા એપ્રોચ રોડ તરફ ચિલોડાનો આધેડ પસાર થઈ રહ્યો હતો. તે દરમ્યાન રકસ્તો ઓળંગી રહેલા આધેડને અજાણ્યા વાહનના ચાલકે અડફેટે લઈ લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કરીને આરોપી સુધી પહોંચવા માટે ચિલોડા સર્કલે લાગેલા સીસીટીવી કેમેરાના કુટેજની તપાસણી શરૂ કરી છે.

ચિલોડા ગામના ટીંબા ટેકરીવાળા વાસમાં રહેતા ૪૫ વર્ષીય દશરથભાઈ વિનુભાઈ દંતાણી મોડી રાત સુધી કરેલી જન્માષ્ટમીની ઉજવણી બાદ વહેલી સવારે ઘરે જઈ રહ્યા હતા. ચિલોડા સર્કલ નજીક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે દશરથભાઈ ઉપર અજાણ્યા વાહનનું ટાયર ફરી વળ્યું હતું. બેફામ ગતીએ આવેલા આ વાહનની અડફેટથી દશરથજીને ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ વાહન સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે ચિલોડા પંથકમાં શોકનો માહોલ સર્જાયો હતો. ચિલોડા પીએસઆઈ કે.બી. રાણાવતે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો નોંધી ચિલોડા સર્કલે લાગેલા સીસીટીવી કેમેરાના કુટેજ મેળવી આરોપી કાર ચાલક સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## સે. ૩૦ સાઈબાબા મંદિરે સત્યનારાયણ ભગવાનની કથા

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૩૦ શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે ભગવાન સત્યનારાયણની કથા યોજવામાં આવશે. તા. ૨૧ ઓગસ્ટ, ગુરૂવાર બપોરે ૩.૦૦ વાગે કથા યોજાશે. કથામાં યજમાન તરીકે બેસવાની ઈચ્છા ધરાવતા ભક્તો, શ્રદ્ધાળુઓએ મંદિર ખાતે પોતાનું નામ મદંરના વ્યવસ્થાપક પાસે નોંધાવવાનું રહેશે. આ ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા સિંધી પંચાયત પ્રમુખે જણાવ્યું છે.

# કોલવડામાં પંદર લાખના ખર્ચે અદ્યતન મુક્તિધામનું નિર્માણ કરવામાં આવ્યું

### રાજ્યમાં પ્રથમ સિદ્ધપુર બાદ બીજા નંબરનું મુક્તિધામ જ્યાં મૃતદેહને અગ્નિસંસ્કાર પહેલા સ્નાન કરાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

કોલવડા ગામમાં અદ્યતન અંતિમધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. નવનિર્મિત મુક્તિધામમાં ભગવાન શંકર અને રાધા-કૃષ્ણની મૂર્તિ આજે વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી પ્રસ્થાપિત કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કોલવડા ગામના સાથ અને સહકારથી રૂપિયા પંદર લાખના ખર્ચે મુક્તિધામ નિર્માણ પામ્યું છે.

મુક્તિધામ એટલે અંતિમ વિસામો જ્યા દરેક વ્યક્તિએ જવાનુ હોય છે. ત્યારે નગરની પાસે આવેલ કોલવડા ગામમાં અદ્યતન મુક્તિધામ નિર્માણ કરવામાં આવ્યું છે. આજે સવારે ૮.૦૦ વાગે મુક્તિધામ ખાતે દેવાધિદેવ ભોળાનાથ અને પ્રેમના પ્રતિક સમા ભગવાન રાધા-કૃષ્ણની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી હતી.



દરબાર ભાગોળે આવેલ ઈસાજીના માઢ ખાતેથી ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બેન્ડવાઝા દ્વારા ભક્તિમય ગીતોની રમઝટ બોલાવવામાં આવી હતી. ત્યારે સૌ ગ્રામજનો ભક્તિમાં લીન બની ગયા હતા. આ પ્રસંગે બહુચર મંડળ અને કોલવડા મહિલા મંડળ દ્વારા ભજન સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી.

અદ્યતન મુક્તિધામ ગામમાં રહેતા દરેક સમાજના સાથ-સહકારથી પંદર લાખના ખર્ચે નિર્માણ પામ્યુ છે. જેમાં પોતાના સ્વજનને અંતિમ વિદાય આપવા માટે આવતા વ્યક્તિનું દુઃખ હળવું થાય તે હેતુથી સ્મશાનના દેવ ભગવાન શંકરની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી છે. તેમજ દુનિયાને જીવનના પાઠ શિખવાડનાર કૃષ્ણ ભગવાન અને રાધાજીની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી છે.

અંતિમ વિસામામાં એક સાથે ચાર વ્યક્તિના અગ્નિ સંસ્કાર કરી શકાય તે માટે ચાર સગડી, દુણી મુકવાનું અલગ સ્ટેન્ડ, પ્રાર્થના હોલ, લાકડા મુકવા માટેનો મોટો રૂમ તેમજ અદ્યતન સ્નાનાગાર બનાવવામાં આવ્યું છે. જ્યાં ચોવીસ કલાક પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. મુક્તિધામમાં હંમેશા હરિયાળી રહે તે હેતુથી અહિંયા ૧૮૦ લીમડા રોપવામાં આવ્યા છે.

મુક્તિધામ કમિટીના સભ્ય જણાવે છે કે કોલવડા ગામનું મુક્તિધામ રાજ્યમાં સિદ્ધપુર પ્રથમ અને ત્યારબાદ બીજા નંબરનું મુક્તિધામ છે. જ્યા મૃતદેહને અગ્નિ સંસ્કાર પહેલા સ્નાન કરાવવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દરેક ગામમાં અદ્યતન મુક્તિધામ હોવું જોઈએ જેમાં પાયાની તમામ પ્રકારની સુવિધાઓ હોય.



કોલવડા ગામની અંદર સમગ્ર ગ્રામજનોના સહકારથી અમે તમામ પ્રકારની સગવડ સાથેનું મુક્તિધામ બનાવ્યું છે. તેમ દરેક ગામે પ્રેરણા લઈ સમગ્ર ગામના લોકો સાથે ભેગા મળી આવુ મુક્તિધાન બનાવવું જોઈએ. મુક્તિધામ એવું હોવું જોઈએ જ્યાં આવતા દરેક વ્યક્તિનું દુઃખ હળવુ થઈ જાય. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# સરગાસણમાં વહેરાઈ માતાના મંદિરે તસ્કરોનો સપાટો

### ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી મંદિરમાંથી છત્તર, દાગીના સહિત દાનપેટી પણ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરને અડીને આવેલા સરગાસણ ગામમાં સ્થિત વહેરાઈ માતાજીના મંદિરમાં સાતમની રાત્રે તસ્કરોએ સપાટો બોલાવી દીધો હતો. મંદિરમાં ડુપ્લીકેટ ચાવીની મદદથી પ્રવેશીને તસ્કરો માતાજીને ચઢાવેલા ઘરેણા, છત્તરથી માંડીને દાનપેટી પણ ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હતા. જો કે આ બનાવ અંગે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

મળતી માહિતી મુજબ જન્માષ્ટમીની વહેલી સવારે સરગાસણ ગામના વહેરાઈ માતાજી મંદિરના પુજારી મંદિરે ગયા ત્યારે મંદિરનું લોક ખુલ્લુ હતુ. અંદર પ્રવેશીને જોયું તો મંદિરની દાનપેટી તથા માતાજીને ચઢાવેલા ઘરેણા તથા છત્તર પણ ગાયબ હતા. સ્તબ્ધ થઈ ગયેલા પુજારીએ ગ્રામજનોને જાણ કરી પોલીસ બોલાવી હતી. સાતમની રાત્રી દરમ્યાન તસ્કર ટોળકી મંદિરમાં ડુપ્લીકેટ ચાવીની મદદથી ઘુસીને હાથફેરો કરી ગઈ હતી. જો કે આ ચોરી અંગે મંદિરના પુજારી તથા ગ્રામજનોએ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હોવાનું ઈન્ફોસિટી પોલીસ જણાવી રહી છે.

# ડભોડામાં કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

### ડભોડીયા હનુમાનજીના મંદિરે જન્માષ્ટમીના મેળામાં માનવ મહેરામણ ઉમટયો : લગભગ સીત્તેર હજાર દર્શનાર્થીઓએ દર્શનનો લ્હાવો લીધો

ચિલોડા, તા.૧૮

ગાંધીનગર તાલુકાના યાત્રાધામ ડભોડાના સુપ્રસિધ્ધ ડભોડીયા હનુમાનજી મંદિરે જન્માષ્ટમીનો ઉત્સવ પરંપરાગત રીતે ઉજવાયો હતો. આ દિવસે અહીં ભરાયેલા લોક મેળામાં હકડેઠઠ માનવમેદની ઉમટી પડી હતી અને શ્રધ્ધાળુઓએ ભકિતમય માહોલમાં કૃષ્ણ જન્મોત્સવના દર્શનનો લ્હાવો લીધો હતો.

જન્માષ્ટમીના ઉત્સવ અને મેળાને ધ્યાનમાં રાખીને ડભોડીયા હનુમાનજી દાદાનું મંદિર ફુલો અને લાઈટ દ્વારા શણગારવામાં આવ્યું હતું. અહીં દર વર્ષની જેમ જન્માષ્ટમી નિમિત્તે ભરાયેલા લોકમેળામાં અબાલવૃધ્ધ સૌ કોઈ ઉમટી પડયા હતા.

શ્રધ્ધાળુઓની ભીડ અને ધસારાને ધ્યાનમાં રાખીને અહીં ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. આશરે ૭૦ હજારથી પણ વધુ દર્શનાર્થીઓએ આ દિવસે હનુમાનજી દાદાના દર્શન કર્યા હતા તેમજ કૃષ્ણ જન્મોત્સવને માણ્યો હતો. આ પ્રસંગે ભજન મંડળીઓ દ્વારા ભજનોની રમઝટ બોલાવવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦

સૂર્યાસ્ત : ૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૩૦, ૩,૩૦, ૬,૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦

કીક : ૪.૦૦

સ્ક્રીન-૪ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦

કીક : ૪.૦૦

અન્જાન (તમિલ) : ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૪૫, ૬.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સિંઘમ રિટર્ન્સ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૮.૧૫, ૧૧.૨૦, ૫.૩૦, ૮.૩૫

ધ ગાર્ડિયન ઓફ ગેલેક્ષી (૩ડી) (હિન્દી) : ૨.૨૫

: સ્ક્રીન-૨ :

સિંઘમ રિટર્ન્સ : ૯.૧૫, ૧૨.૨૦, ૩.૨૫, ૬.૩૦, ૯.૩૫

સ્ક્રીન-૩ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૧૫, ૧.૨૦, ૪.૨૫, ૭.૩૦, ૧૦.૩૫

સ્ક્રીન-૪ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે. પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે.

**મિથુન** : આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. બેચરસિંહ સોમસિંહ રાઠોડ (ઉ.વ.૫૮) બ્લોક નં. ૮૨/૪, છ-ટાઈપ, સેક્ટર-૧૬, ગાંધીનગર
- સ્વ. ડહીબેન નથ્થુભાઈ ઠાકોર (ઉ.વ.૯૦) સેક્ટર-૨૮, ચરેડી છાપરાં, ગાંધીનગર
- સ્વ. વિહાજી જેસંગજી પરમાર (ઉ.વ.૮૦) મુ. ડભોડા. તા.જી. ગાંધીનગર
- સ્વ. શારદાબેન બાબુલાલ પટેલ (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૫૭૯, વાસ્તુ નિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. દશરથભાઈ વિનુભાઈ દંતાણી, (ઉ.વ.૩૬) ગામ-મોટા ચીલોડા, ટીંબાવાળો વાસ, તા.જી. ગાંધીનગર